સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

અજ્ઞાની આંગળી પકડી ખૂબ નામ લૂંટ્યું!
ને ખાલી ખોટું સેવાનું મોટું નગારું ફૂટ્યું!
ચૂંટ્યું સોપાન અજ્ઞાનું સત્તા શિખરે જવા -
હવે બેદીમાં પણ પદનું 'કિરણ' ફૂટ્યું!
(વી.કે.સિંગ પછી કિરણ બેદી ભાજપમાં)

હાઇકુ

રેલી ભીડમાં,
પૂજે ન પૂછે કોઇ
લાલુ ખોવાયા!
(પાંજરાપોળમાં..)

થૈ જશે શાંત -
લાગણી નો ઉભરો,
ચૂંટણી પછી..
(મુસ્લિમ મત)

ચિંતન

સત્સંગા દ્ભવતિ હિ સાધુતા ખલાનાં સાધૂના ન હિ ખલસંગમાત્ખલત્વમ્ ।
અમોદ્દ કુસુમ-ભવં મૃદેવ ધત્તે મૃદુગંધં ન હિ કુસુમાનિ ધારયન્તિ ॥

'સજ્જનો ના સત્સંગમાં-સંસર્ગ રાખવાથી દુર્જન મનુષ્યને થોડી ઘણી પણ અસર થાય છે અને સજ્જનતાનો સ્પર્શ પામે છે પરંતુ એના દુષ્ટ જનોની સાથેનાં સંપર્કથી સજ્જન માણસને એના કોઇ દોષ-વિકાર-સજ્જનને સ્પર્શતા નથી.'

આ વાતની સ્પુષ્ટિ માટે કવિશ્રી કહે છે જે ગંદા-કાદવ-દુર્ગંદ મારતાં ખાતરની માટીમાં સુંદર-સુગંધી ફૂલ ઉગે છે એ પોતાની સુગંધની અસર માટીને આપે છે માટી પણ થોડી ઘણી સુવાસ આવી જાય છે પરંતુ માટીની દુર્ગંધની અસર ફૂલ પર થતી નથી.'

સામાન્ય રીતે એવું કહેવાય છે કે પ્રકૃતિ-અને પ્રાણ સાથે જ જાય છે અર્થાત કોઇ-કોઇનો સ્વભાવ ટેવ-વિચારનું પરિવર્તન કરી શકતું નથી. થોડી ઘણી ઉપરછલ્લી અસર દેખાય એટલું જ! આથી જ મક્કમ સ્વભાવવાળા સજ્જન ઉત્તમ કહેવાય છે.

સમાજ-સંસારમાં સત્સંગનો પ્રભાવ અને મહત્ત્વ પણ એટલે જ છે. સત્સંગથી નકારાત્મક વિચાર કે નકારાત્મક ઉર્જા તો નથી જ મળતી. જ્યારે દુર્જનના દુષ્ટ વિચારોનું આવરણ સજ્જનને નૂકશાન કરે છે.

સુવિચાર

- દોરામાં ગાંઠ લાગેલી હોય તો તે સોયના કાણામાંથી પસાર થઇ શકતો નથી અને તેનાથી સિવાતું નથી એમ મનમાં સ્વાર્થસભર સંકિર્ણતાની ગાંઠ લાગેલી હોય તો તે ઇશ્વરમાં લાગી શકતું નથી - ***એસ. ભટ્ટાચાર્ય***
- ભીની માટીમાંથી જ રમકડાં, વાસણ બની શકે છે, પકવેલી માટીમાંથી કશું જ બનતું નથી એવી જ રીતે લાલસાની આગમાં જેની ભાવનારૂપી માટી બળી ગઇ, તે ન તો ભક્ત બની શકે છે ન તો ધર્માત્મા બની શકે છે - ***વિવેકાનંદ***
- ક્રોધ કરવામાં સુસ્ત, વધાઇ દેવામાં ચુસ્ત, નિર્ણય કરવામાં તંદુરસ્ત, અને કાર્ય કરવામાં મસ્ત - ***અમૃતબિંદુ***
- ભારતીય સંસ્કૃતિ અને અધ્યાત્મને જો વિજયી બનાવવા હોય તો એક પરમાત્મા, એક ધર્મ, ધાર્મિક સમાનતા સાથેની સરળ પ્રાર્થના અને કુદરત સહજ સરળ જીવન પદ્ધતિ પ્રજામાં જગાડવાનું કામ જરૂરી છે - ***સ્વામિ સચ્ચિદાનંદ***
- ધર્મ એક જ છે, સંપ્રદાય અનેક છે, ધર્મ પરમાત્માનો બનાવેલો છે, સંપ્રદાયો માણસોના બનાવેલા છે, ધર્મ ભેદ નથી કરતો, ભેદ કરે તે સંપ્રદાય છે - ***ધર્મસૂત્ર***
- ખરેખર તો સૌથી મોટો પરમ ગુરૂ તો પરમાત્મા પોતે જ છે, આપણે ગુરૂવાદના કહેવાતા ઠેકેદારો અને સેલ્સમેનોથી દૂર રહેવું એ જ વધુ હિતાવહ છે - ***જનકલ્યાણ***
- વધારે રોશની સારી નથી ઓ ચર્મચક્ષુઓ.., બહુ અંજાય છે તેઓ ફરી અંધકાર માંગે છે - ***શૂન્ય પાલનપુરી***

(સંકલન : દીપક વી.આસરા)

બોધ કથા

કોઇ પણ કાર્ય મનથી, સંપૂર્ણ ઉત્સાહ અને તલ્લીનતાથી કરવામાં આવે તો એમાં સફળતા મળે જ છે. 'મારાથી આ નહીં થાય' એવી માનસિકતાથી નિષ્ફળતા મળે છે.

વિલાયત માત્ર આઠ વર્ષનો હતો અને પિતાની છત્રછાયા ગુમાવી, તેના પિતા સિતારવાદક હતા અને કારણે માતા પણ સિતાર વાદન જાણતાં હતી. પિતાના મૃત્યુ પછી મા એ પુત્રને પણ 'સિતારવાદક' બનાવવાનો મક્કમ નિર્ધાર કર્યો.

શિયાળાની કાતીલ ઠંડી હતી. હાથ-પગ ઠરીને ઠૂંઠવાઇ જતા હતા. રાત્રિનાં નવ થયા. મા એ આદેશ આપ્યો - બેટા! રિયાઝનો ટાઇમ થઇ ગયો છે સિતાર ઉઠાવ.' વિલાયતે આળશમાં જવાબ દીધો મા - આજે ઠંડી બહોત છે - હું રિયાઝ નહીં કરું!

મા ની આંખ ફરી - બારણું બંધ કર્યું, પોતે ઓઢેલી સાલ દૂર ફેંકી અને સિતાર ઉપાડીને કહ્યું બેટા! સંગીતમાં તલ્લીન થઇ ડૂબી જા. ટાઢ આપોઆપ ચાલી જશે!

માના શબ્દો પુત્રના હૃદય સુધી પહોંચી ગયા. પછી કયારેય રિયાઝમાં આળશ ન કર્યું.

અને વિલાયતખાં સાહેબે માત્ર ભારતમાં જ નહીં દેશ-વિદેશમાં ખ્યાતિ મેળવી.

Email - sureshchandrabhatt18@gmail.com

સલીમના દિમાગમાં ઘણા પ્રશ્નો ઉદ્ભવતા અને તેના મગજમાં તોફાન સર્જીને પસાર થઇ જતા, કયારેક એ પ્રશ્નો માયાવી આકાર ગ્રહણ કરી લેતા ત્યારે તે તેની સામે ખુબ ઝઝુમતો

નવાં કલેવર

- નટવર હેડાઉ

આજ એ ચાલ્યા ગયા.

તેણે કયારેય પોતાના માબાપને જોયેલા નહીં, તેમણે તો શું તેનો બીજો ભાઇ જે ઉંમરમાં તેના કરતાં ચાર પાંચ વર્ષ મોટો હતો તેણે પણ માબાપનો ચહેરો જોયેલો નહીં.

જયારથી એ સમજણા થયા ત્યારથી કાકીએ જ તેમને ઉછેર્યા હતા.

કાકીના જોર જૂલમ અને ઉપેક્ષાને કારણે બંને ભાઇઓ, ડર અને સંકોચથી જીવતા હતા. બાળપણની આ કડવી પરિસ્થિતિથી ઘડાઇ જતાં તેમનામાં રહેલી તમન્નાએ જિંદગીને એક નવો જ અર્થ આપ્યો હતો.

તે હવે પરણેલો હતો. કુદરતની કૃપાથી ઝુબેદા જેવી નેક અને ખુબસુરત બીબીનો ખાવિન્દ અને ચાંદ જેવાં બે બાળકોનો પિતા હતો.

મોટા ભાઇ કંઇક અલગ મિજાજ ધરાવતા ખેલાડી આદમી હતા. લાંબુ-પહોળું રૂષ્ટપૃષ્ટ કસરતી શરીર, ચહેરા પર રૂઆબદાર મુછો અને કાનમાં અત્તરનો ફાયો. દૂધ જેવા શ્વેત સલવાર ખમીશમાં ગલી-મહોલ્લામાંથી નીકળે એટલે જોનારાની આંખો તેમને જોઇને દંગ થઇ જતી. તેમની ચાલથી આંખુ વાતાવરણ જ બદલાઇ જતું. બારણાં, બારીઓ અને કયાંક તિરાડોમાંથી તેમને ઝાંખતા ચહેરાઓ જાણે તેમના કદમોમાં બિછાઇ જઇ પોતાનું સર્વસ્વ કુરબાન કરી દેવા તૈયાર હોય.

પણ તેમની નજર તો તાહીરા સિવાય કોઇ તરફ ઉઠતી નહીં. તેમને ફક્ત બે જ શોખ હતા. એક પહેલવાની અને બીજો તાહિરા બેગમ સાથે ઇશ્ક. અને આ ઇશ્ક બાજી એ તેમનો બેડો ગર્ગ કર્યો હતો. ઘણા લોકો તેમના દુશ્મન બની ગયા હતા.

પછી એક દિવસ એવો આવ્યો કે બધુ ખતમ થઇ ગયું.

તે દિવસે અજગર પાંચમ હતી. બહારથી આવેલા પહેલવાનો સાથે કુસ્તી લડવાનું નક્કી થયેલું. તે દિવસે તેમની માશુકા એ પોતાના ખાવિંદ સાથે મળી તેમને ખાવામાં ઝેર આપી દીધું. તે કુસ્તી જીતવા પોતાના દોસ્તો સાથે અખાડે પહોંચ્યો. તેમણે કુસ્તી લડી અને ચત્તાપાટ પડ્યા. એવા ચત્તાપાટ પડ્યા કે પછી ઉભા જ ન થઇ શક્યા.

મોટા ભાઇના મોત પછી તેનો પરિવાર હવે પોતાની બીબી અને બે બાળકો વચ્ચે રહી ગયો હતો. હવે તે પોતાના બાળકોના ઉછેર અને અભ્યાસ કરાવવા લાગી ગયો હતો. તેનો એવો ખ્યાલ હતો કે સારી તાલીમ અને માર્ગદર્શન બાળકને એક સારો ઇન્સાન બનાવવાની પહેલી શરત છે. બંને બાળકો સ્કૂલમાં ભણવા લાગ્યા હતા.

તે એક નાનો વેપારી હતો. તેને કરિયાણાની દુકાન હતી. આખો દિવસ એ દુકાનમાં વ્યસ્ત રહે અને સવાર સાંજ પોતાના નાનકડાં કુટુંબ સાથે મસ્ત.

તે પોતાના નાના દીકરાને બેહદ પ્રેમ કરતો. કેમ કે તે ભણવામાં ખુબ હોંશિયાર હતો. અને ગમે તે કામમાં ખૂબ જ ઉત્સાહ બતાવતો. જયારે સલીમ મોટો હોવા છતાં આળસુ, કામચોર અને ભણવામાં પણ નબળો હતો.

સલીમ સાતમા ધોરણમાં ભણતો હતો.

સલીમ નબળો હોવા છતાં પોતાની ધૂનનો પાક્કો હતો. તે પોતાની મસ્તીમાં રહેતો. તે કંઇ ને કંઇ વિચારતો રહેતો. સલીમે પોતાના પિતાની એક જ તસ્વીર આખી જિંદગી જાયેલી, ઢીંગણું કદ, ભારે શરીર સફેદ ટોપી અને કાબરચીતરી દાઢી, છતાં તેમાં એ કોઇ ગાંધીવાદી નેતાથી જરાય કમ ન લાગતા.

આમ પણ તે કોઇ નેતાથી જરાય કમ ન હતા. તેમણે કોઇ સ્કૂલ કે મદરેસામાં તાલીમ લીધી નહોતી છતાં ઉર્દૂ અને ગુજરાતી પુસ્તકો આસાનીથી વાંચી શકતા. અભ્યાસુ લોકો સાથે તેમની બેઠકઉઠક હતી. તે જયારે ભાષણ આપવા ઉભા થાય તો સભાના શ્રોતાઓ પણ છવાઇ જતા. તેથી બિરાદરીમાં તેમને ખુબ ઇજ્જત હતી.

સારી રહેણીકરણી, ખાન-પાન અને ઇજ્જત છતાં કેટલીક બાબતો એવી હતી કે સલીમને તે અંદરથી કોતરી ખાતી હતી. મસલન તેમના ખાનદાનમાં દરેકને બબ્બે, ત્રણ-ત્રણ માળતાનાં પાક્કકા મકાનો જમીન જાયદાદો અને ખેતર-કૂવા હતા અને તેમને માત્ર નાનું કાચું માટીનું નળીયાવાળું ઘર જેના એક ભાગમાં એ લોકો સુતા અને બીજા ભાડામાં રસોડું હતું.

ઘર છાણ માટીથી લીંપેલું અને સાફ સ્વચ્છ વળી ખુલ્લું હતું. ઊંચાઇ પર હોવાને કારણએ બંગલા જેવું લાગતું પણ તો કાચું. આ કોયડો હતો જેને તે ઉકેલી શકતો ન હતો.

સલીમના દિમાગમાં ઘણા પ્રશ્નો ઉદ્ભવતા અને તેના મગજમાં તોફાન સર્જીને પસાર થઇ જતા. કયારેક એ પ્રશ્નો માયાવી આકાર ગ્રહણ કરી લેતા ત્યારે તે તેની સામે ખુબ ઝઝુમતો.

એકવાર ખુબ જ દર્દનાક બનાવ બન્યો. નાનો ભાઇ મોટર સાયકલ ચલાવીને આવતો હતો તે તળાવને કિનારે એક પથ્થર સાથે ટકરાઇ ગયો અને બેભાન થઇ ગયો. કસ્બાના દવાખાનાના ડોકટરે તેને શહેરની હોસ્પિટલમાં લઇ જવા કહ્યું. પિતાએ નાના તે શહેરની હોસ્પિટલમાં દાખલ કરી દીધો.

ત્યારે સલીમ પોતાની મા સાથે એકલો રહેલો. તે દિવસે તે ઘરની ઓસરીના એક ખૂણામાં બેઠો બેઠો ખુબ રોયેલો કે આ શું થઇ ગયું. નાનો કયારે સાજો થઇને પાછો આવશે. નાનાભાઇ વિના ઘર સૂનું સૂનું લાગતું અને બચકાં ભરવા આવતું હોય તેમ લાગતું હતું. તે વિચારતો કે નાના કરતાં આવું તેની સાથે બન્યું હોત તો નાનાને આવી દર્દનાક હાલતમાંથી પસાર થવું ન પડત. તે નાના ભાઇને ખુબ પ્રેમ કરતો હતો. તેથી એ ખુબ જ યાદ આવતો હતો.

પોતાની નાની ઉંમરને કારણે તે નાના ને મળવા શહેરની હોસ્પિટલે જઇ શકતો નહતો. લગભગ દશ દિવસ પછી પિતા નાનાને લઇને શહેરમાંથી પરત આવેલા. નાનો હવે તંદુરસ્ત હતો. બંને ભાઇઓ ફરી સાથે સાથે સ્કૂલ જવા લાગ્યા.

સમય વિતવા લાગ્યો. તેમનું નાનું કુટુંબ સુખી અને આનંદમાં રહેવા લાગ્યું. જિંદગીની ગાડી વ્યવસ્થિત રીતે આગળ વધી રહી હતી. તે દરમિયાન એક બીજો બનાવ બની ગયો. પિતાની આંખે દેખાતું બંધ થઇ ગયું. આંખો જતી રહી.

પિતા સલીમના હાથમાં દુકાનની ચાવીઓ સોંપી શહેરની હોસ્પિટલમાં પોતાની આંખોનો ઇલાજ કરાવવા જતા રહ્યા. જયાં થોડા વર્ષો પહેલાં તેણે નાનાની સારવાર કરાવી હતી.

ઘેર હવે સલીમ તેની મા અને નાનો ભાઇ રહ્યા. સૌ ચુપ અને ઉદાસ રહેતા. માએ ઘણું સમજાવ્યા છતા બે ભાઇઓમાંથી કોઇએ ખાધું નહીં. તે રાતે મા પણ ભુખી જ રહેલી. માં એ રાતે લાઇટ પણ બંધ રાખેલી. અંધારી એ કાળી રાતે કોઇને નિંદર નહોતી આવી. એકાંતના સન્નાટામાં સૌને એકબીજાનાં હીબકાં સંભળાતા હતા.

કદાચ ચોથા કે પાંચમા દિવસે સલીમ તે શહેરની સૌથી મોટી હોસ્પિટલના આઇ વોર્ડમાં પિતાનો શોધતો શોધતાં તેમનાં બેડ પાસે જઇ પહોંચ્યો. તેનો અવાજ સાંભળવા જ પિતાએ તેને બાથમાં લઇ લીધો. અને તેના ગાલે ચુંબન કરવા લાગ્યા. જાણે કે સલીમ નાનું બાળક ન હોય.

સલીમનો ચહેરો આંસુઓથી ભીંજાઇ ગયો. સલીમ જે પિતાની કડકાઇ અને ધાક-ધમકીથી પોતાને ઉપેક્ષિત સમજતો અને પરાયો હોય તેવું અનુભવતો હતો. તેણએ આજે જિંદગીમાં પહેરીવાર પિતાના સ્નેહમાં ભીંજાઇને રાજીના રેડ થઇ ગયો. કેટલાય કલાકો સુધી બાપ-દીકરો ઘર અને કુટુંબની વાતો કરતા રહ્યા.

બે દિવસ સલીમ હોસ્પિટલમાં પિતાની સાથે જ રહ્યો. આ બે દિવસોમાં સલીમ પિતાના પ્રેમથી તરબરતર થઇ ગયો.

જયારે એ પાછો ફરતો હતો ત્યારે તેમને સલીમ ને પુછ્યું, 'બે ત્રણ દિવસમાં અહીંથી રજા મળી જશે. ઘેર આવતાં તારા માટે શું લઇ આવું?'

'તમે આવી જાવ એટલે બસ - મારે બીજું કંઇ ન જોઇએ.' સલીમે કહ્યું. તેનો જવાબ સાંભળીને પિતાનો ચહેરો ગુલાબની જેમ ખીલી ઉઠ્યો. અને તેમની છાતી ગજગજ ફુલવા લાગી. પ્રેમથી તેના માથે હાથ ફેરવતાં તે બોલ્યો. 'સલીમ તું મોટો થઇ ગયો. મને જિંદગીની સૌથી મોટી દોલત મળી ગઇ. આજે હું ખુબ ખુશ છું.' પિતાને મળીને રાજી થતો એ ઘેર પાછો આવેલો.

થોડા દિવસ પછી પિતાને હોસ્પિટલમાંથી રજા મળી ગઇ. ઘરમાં ફરી આનંદ છવાઇ ગયો. પિતાની આંખે કાળાં ચશ્મા લાગેલા હતા. ઓપરેશન કામયાબ રહ્યું હતું. થોડા દિવસ પછી ચશ્મા પણ પહેરવા નહીં પડે. ડોકટરે કહેલું કે એ પહેલંની જેમ જ ફરી જોઇ શકશે.

પિતાએ સાંજે જમતા પહેલાં ટીન પેક ડબ્બામાંથી ગુલાબજાંબુ કાઢ્યા. એક એક ગુલાબજાંબુ બંને દીકરાઓને પોતાના હાથે ખવડાવ્યા અને પ્રેમથી બંનેને બાથમાં લીધા.

સલીમને લાગ્યું કે તે ખોટો જ તેમનાથી દૂર દૂર રહેતો હતો. તેમનો પ્રેમ અને લાગણી બંને ભાઇઓ માટે સરખી જ છે. તેના દિલમાં રહેલી ઉપેક્ષાની ભાવના દૂર થઇ ગઇ હતી. અને પોતાના પિતાને તે બેહદ પ્રેમ કરવા લાગ્યો હતો. પણ સુખના એ દિવસો લાંબુ ન ટક્યા.

સલીમની દુનિયાની જાણે કે ઉજડી ગઇ. અંધકાર છવાઇ ગયો. તેનું તો સર્વસ્વ લુંટાઇ ગયું. તેની આંખોમાંથી અશ્રુધારા અટકતી ન હતી. તેનો ચહેરો આંસુઓથી ભીંજાઇ ગયો હતો. ગળુ સુકાતું હતું. તે હિબકાં ભરી ભરી જોરથી રડી રહ્યો હતો.

યુનિક યુવતીઓ... સાડીથી શાકભાજીમાં 'લોકો શું કહેશે?'ની ચિંતા...!!

લાઇટ લિપસ્ટીક, લટકાવેલું પર્સ, કેવી લાગુ લાલ રંગની સાડીમાં? લોકો શું કહેશે?
બરગંડી છુટ્ટાવાળ, લટકાવેલાં ઝુમખાં, કેવું લાગે સ્લિવલેસ બ્લાઉઝ? લોકો શું કહેશે?

Hello ફ્રેન્ડસ!

—સંજય થોરાત

hellogandhinagar@gmail.com

આ શનિવારે એટલે કે ૮મી માર્ચે મહિલા દિવસ આવે છે. પુરૂષ સ્ત્રી વિનાની જિંદગીની કલ્પના કરી શકે ખરો? જરાય નહીં, સ્ત્રી એટલે સંસારનું ફુલ સ્ટૉપ, પછી એમાં મા, બહેન, પત્ની, દીકરી, ભાભી, મામી, શિક્ષક, નેતા, ગર્લફ્રેન્ડ કોઇ પણ આવી શકે. આજે જરા એમની હલકી-ફુલકી વાતોથી મજા માણીએ, આમ તો જેનું તેનું કામ જે તે કરે. મહિલાઓ જેવી પંચાત, ગપાટા, ટાઇમપાસ, અફવા, શણગાર જેવી વાતોમાં પુરૂષ કયારેય સ્ત્રી સમોવડીયો બની જ ના શકે, સંસારની બધ્ધીજ જવાબદારી ઉપાડવા છતાં છતાં તેઓ નવરી બજાર કેવી રીતે કહેવાય છે, સાસુ-વહુની સિરીયલ માટે કયાંથી સમય કાઢે છે અને બહેનપણી કે પિયરવાળા સાથે કઇ રીતે ગપાટા મારી શકે છે? એ જટીલ પ્રશ્ન પેલા કાશ્મીર જેવો જ છે!!

આપણી આસપાસ અને ઘરમાં ફરતી બધી યુવતીઓને છે તે યુનિક છે. હમણાં અમારાં પરિચીત એવા ફાલ્ગુની ભાભી મળ્યા, મને કહે, 'તમે તો ખરા છો, મેં પથિકાશ્રમ તમને હાથ બતાવ્યો તે તમે તો ગાડી ના ઊભી રાખી, લિફ્ટ આપવા ગાડી ઊભી ના રખાય?' મેં કીધુંભાભી તમે રવિવારે બુકાની બાંધીને સાંજના ચાર વાગે હાથ બતાવેલો એ જ? એટલે કહે હા સ્તો વળી? બુકાનીમાં પત્નીય ઓળખાતી નથી તો આ ભાભીને કયાંથી ઓળખવાની? બુકાની કલ્ચરમાં તો પોતાની દીકરી જો હાથ બતાવે તો પેલો બાપ પણ ચકરાવે ચઢે કે સાલું હું તો હજીયે હેન્ડસમ છું, જો પેલી છોકરી મને હાય હલ્લો કરવા હાથ ઉપર કરતી ગઇ... ત્વચા સાચવવા ભલે બુકાની બાંધે પણ લિફ્ટ લેવા તો મારી બહેનો ચહેરો બતાવવો પડે!!

અચ્છા, યુવતીઓને સૌથી સતાવતો પ્રશ્ન કયો? લોકો શું કહેશે? એ જ. ગમે તેટલી સારી વસ્તુ, ઘરેણાં, કપડાં, વ્હિકલ, પતિ, બાળકો હોય તોય બીજાનું સર્ટિફીકેટ મળે પછી જ સારૂં, બાકી લોકો શું કહેશેની ચિંતામાં કેટલાંય ઘરેણાં લૉકરમાં અને સાડીઓ કબાટમાં કેદ થઈને પડેલી જોવાં મળે... ચાર દિવસ પહેલાં અમે સજોડે ત્રણ પંજાબી ડ્રેસ પસંદ કરીને, બે કલાક દુકાનવાળાનું માથું પકવીને, પુરતો કસીને લઇ આવ્યા. એકદમ સરસ પંજાબી ડ્રેસ હતા. ઘરે આવીને કીધું સારાં છે ને? ઉભા રહો જરા હું બાજુવાળા ભાભીને બતાવીને આવું છું. એ જો સારા કહે તો ઠીક નહીં તો બદલાવી લાવીશું. બાજુવાળા ભાભી એ કોમેન્ટ આપી, ''લાલ કલર છે ને ભડક લાગશે, એના કરતાં પિન્ક લાવ્યા હોત તો જામી જાત'' પત્યુ મારે બપોરની ઊંઘ હરામ કરવી દુકાનદારને ત્યાં જવા ગાડી હંકારવી પડી!!

મેરેજ એનિવર્સરીએ શ્વેતાબેને પાટલા બનાવવાં સોનીને આપ્યાં. અને એમાં ફૂલ-કળીઓ પાનની ડિઝાઇન બનાવવાં કહ્યું. એક જોડ સૂર્યફૂલની બુટ્ટીઓ પણ લાવ્યા. પાટલા ઘરે આવ્યાં ભગવાનને ધરાવ્યા. હળદર-કંકુ-ચોખા ચઢાવી ધારણ કરી લીધાં. એમની બહેનપણીઓ જુએ એ માટે ખાલી ખાલી હાથ પણ ઉપર નીચે કરી લીધાં. પણ બહુ કઇ રિસ્પોન્સ મળ્યો નહીં, અને એમાંય એમની કોક સગલી બોલી, ''પાટલા તો પ્લેઇન જ સારા લાગે, ફૂલ-પાનથી કાબરચિતરાં લાગે છે.'' અને આ વાત પછી તો શ્વાતાના મનમાં ઘર કરી ગઇ, પતિ જોડે હઠ કરી બેઠી કે મારે પ્લેઇન જ પાટલાં જોઇએ!!

કલ્પનાને સ્લિવલેસ અને ફિટ્સ પહેરવાનો શોખ. પણ ઉંમરનો બાધ આડો આવતાં વિચારે કે હું સ્લિવલેસ પહેરૂં તો લોકો શું કહેશે? એક પાર્ટીમાં જવાનું થયું અને લાઇટ લિપસ્ટીક, બરગંડી છુટ્ટા વાળ, લાલ સાડી અને સ્લિવલેસ બ્લાઉઝ, એકદમ શોભાયમાન દેખાવા લાગ્યા, પતિએ પણ વખાણ કર્યાં, પાંચ વર્ષ નાની લાગે છે. અને મજાકમાં કીધુંય ખરૂં, જો જે કોઇ ગમાડી ના લે, નહીં તો મારે બીજી ગોતવા નીકળવું પડશે. પાર્ટીમાં કોકે કોમેન્ટ કરી કે જુઓ જુઓ દરવાજા વગરની લાલ મોટર આવી, અને કલ્પનાને લાગી આવ્યું કે મારા સ્લિવલેસ પર જ આ મશ્કરી થઈ છે...

હમણાં એક પતિપત્નીને પ્રવાસ કરવાનો વખત આવ્યો. બહેન બોલ્યાં રાતનો પ્રવાસ નથી કરો, રાત્રે પ્રવાસ કરીએ અને મોં ધાયા વગરનાં મહેમાનનાં ઘરે પહોંચીએ તો ખરાબ દેખાય એનાં કરતાં મોર્નિંગનો પ્રવાસ ફ્રેશ લાગે, પ્રસન્ન ચહેરા સાથે જઈએ તો લોકો કહેશે 'કેટલી સુંદર દેખાય છે?' હવે અહીં પણ લોકો શું કહેશે એ મહત્ત્વનું. પતિએ કીધું એમ કર હું રાત્રે નીકળું છું તુ તૈયાર થઈને સવારે આવજે. બેન બોલ્યા, ના હો હમણાં લોકો સારાં નથી હોતા કોક લબડુ બાજુમાં આવીને અટકચાળા કરશે તો પ્રવાસની મજા બગડી જશે, સારૂં ચલો સવારે જ જઈશું પતિ દેવે પડતું મુક્યું ને પેપર પકડ્યું, ત્યાં બાજુવાળા ચંપાબેન બોલ્યા, 'કેમ, રાતે જવાના હતાં તે, ગયાં નથી?' જોયું ને લોકો બોલવાં લાગ્યાં!!

મહિલાઓ મેમરીની બાબતમાં એમની ડિસ્કમાં બધો ડેટા સચવાયેલો જ હોય. આજે ઉષાબેનને ત્યાં એક બેન ૧૦-૧૨ ની પેલી શુભેચ્છા માટે એક પેન અને કિટકેટ ચૉકલેટ લઈને ગયા. એમનાં ગયા પછી તરત જ ઉષાબેન બોલ્યા, 'મેં તો આના બાબાને કેટબરી સિલ્ક આવેલી અને આ કિટકેટ પકડાવી ગઈ.' કોના લગનમાં, કયાં પ્રોગ્રામમાં, કયાં ફંકશનમાં કઈ સાડી કે ઘરેણાં પહેર્યાં હોય એ એકદમ પાક્કું યાદ હોય. જો આજ સાડી હું પહેરૂં તો લોકો શું કહેશે? એવી વાત સાથે બીજી જ સાડી પહેરશે. જનરલ નૉલેજમાં ભલે ગાથે ચઢે પણ સાસુએ મારેલા મ્હેણાં-ટોણાં પાક્કા યાદ અને કડકડાટ હોય. સાસરીમાં કરેલાં બધા વહેવાર બરાબર યાદ હોય અને એનાથી ઓછો વહેવાર કરીએ, તો સાસરીવાળાં શું કહેશે? ની ચિંતામાં કાયમ વધારે જ વહેવાર કરતી આવે એવી અનેક સ્ત્રીઓ આપણી આસપાસ ફરતી હોય છે!!

(અનુસંધાન પાના નં. ૬ પર)

શાહજહાં અને દશરથ માંઝી : પ્રેમ તો પાગલ જ કરી શકે

ગુલમહોર

- દિનેશ દેસાઇ

પ્રેમ વિશે ઘણું બધું લખાયું છે. મહાન દાર્શનિક રુમિ કહે છે કે "પ્રેમ માગવાનું નહીં, આપવાનું નામ છે." પ્રેમ બે આત્માનું મિલન છે, જે બે આત્માને એક બનાવે છે. પૃથ્વી પ્રેમ છે, જળ પ્રેમ છે, વાયુ પ્રેમ છે, તેજ પ્રેમ છે અને આકાશ પ્રેમ છે. પંચ તત્વ પ્રેમ છે. શ્વાસ પ્રેમ છે અને હૃદયનો પ્રત્યેક ધબકાર પણ પ્રેમ છે. પ્રેમ કરવાનો પ્રયાસ કરવો પડતો નથી. એ તો આપોઆપ થઈ જતી કાવ્યાત્મક અભિવ્યક્તિ છે. પ્રયત્ન કરો એ પ્રેમ નથી. પરાણે પ્રીત ન થાય.

રુમિની વાતનો સારાંશ એ છે કે પ્રેમ એ કોઈ ભીખની જેમ માગવાની વસ્તુ નથી. પ્રેમ માગવાનો ન હોય. સતત આપતા રહેવાનો હોય. મીરાંબાઈએ ગાયું છે ને કે "એરી મૈં તો પ્રેમદીવાની રે, મેરા દરદ ન જાને કોઈ..." પ્રેમ તો પાગલ હોય એ જ કરી શકે. પ્રેમના રસ્તે ચાલવાનું ડાહ્યા માણસનું કામ નહીં. કારણ માત્ર એટલું કે ડાહ્યો માણસ હંમેશા ગણતરી કરીને ચાલતો હોય. પ્રેમમાં કોઈ ગણતરી માંડવાની ન હોય. ડાહ્યો માણસ હંમેશા નફા-નુકસાનનો હિસાબ લગાવતો હોય. જ્યારે પ્રેમમાં નફો કે નુકસાન મેળવવાનું હોતું નથી. કોઈ ફાયદાની લાલચ નહીં અને ગેરફાયદાની ચિંતા નહીં.

પ્રેમમાં હંમેશા પ્રેમ જ હોવો જોઈએ. પ્રેમમાં હંમેશા પ્રેમ જ ફના કરવાનો હોય. ગુમાવીને પામવાનું નામ એટલે પ્રેમ. દુનિયાની પ્રથમ અને ઐતિહાસિક સાત અજાયબીઓમાં પ્રેમનું પ્રતીક તાજમહેલ છે. શહેનશાહ શાહજહાંએ બેગમ મુમતાજ મહલની યાદમાં આગ્રામાં નિર્માણ કરાવેલો મકબરો તાજમહલ તરીકે ખ્યાતિ પામ્યો છે. કોઈકના મતે આ તાજ પૈસા — ધન-સંપત્તિનું પ્રદર્શન હોઈ શકે. અમર પ્રેમની બીજી એક દાસ્તાન પણ ઉત્તર પ્રદેશની ધરતી ઉપર ૨૦મી સદીના ઉત્તરાર્ધમાં આકાર પામી.

કોઈકના મતે આ તાજ પૈસા - ધન-સંપત્તિનું પ્રદર્શન હોઈ શકે, અમર પ્રેમની બીજી એક દાસ્તાન પણ ઉત્તર પ્રદેશની ધરતી ઉપર ૨૦મી સદીના ઉત્તરાર્ધમાં આકાર પામી

વાત ઉત્તર પ્રદેશની છે. ગયા જિલ્લાનું ગેહલોર ગામ ચોતરફ પહાડીઓથી ઘેરાયેલું ગામ હતું. પહાડીઓની સરેરાશ ઊંચાઈ ૫૦૦ ફીટ અને તેથી વધુ. પહાડીની તળેટીમાં ગેહલોર ગામ. ગામમાં વીજળી નહીં, રસ્તાઓ તો નહીં જ. ગામમાં પ્રાથમિક શાળાનું તો નામોનિશાન પણ નહીં. જેને ભણવું હોય તે પહાડી ચઢીને બીજે ગામ જવું પડે. પીવાનું પાણી પહાડ ચઢીને બીજે ગામથી ભરી લાવવું પડે અથવા ડંકી યા કુવા જેવા સ્ત્રોતનો આધાર લેવો પડે. પેલી કહેવત છે ને કે કુવામાં હોય તો હવાડામાં આવે ને? કુવાનું પાણી વળી આખા ગામને ક્યાંથી પહોંચી શકે? ગામના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતીવાડી અને પશુપાલન. સમતળ જમીન મળે નહીં, પહાડી ઢોળાવવાળી જમીન પર ખેતી કેવી રીતે થાય? ગામના લોકો ઢોરઢાંખર ચરાવે અને દૂધ વેચીને ગુજારો કરે. કોઈ વળી ગામ બહાર જઈ મજૂરીકામ કરે.

ગેહલોર ગામમાં દશરથ માંઝી (જન્મ : ૧૯૩૦) નામનો યુવાન રહે. બાળપણમાં જ દશરથનાં ફાલ્ગુનીદેવી નામની કન્યા સાથે લગ્ન થઈ ગયેલાં. અઢાર-વીસ વર્ષ વર્ષે ફાલ્ગુનીદેવીનું આણું વાળવામાં આવ્યું અને તે સાસરે ગેહલોર ગામે રહેવા આવી. ફાલ્ગુનીદેવીના નસીબે દરરોજ પહાડી ચઢીને પરગામથી પાણી ભરીને લાવવાનું લખાયેલું હતું. આપણા ગુજરાતમાં એક વેળા આ કહેવત ખુબ કહેવાતી કે "દીકરીને બંદુકે દેજો પણ ધંધુકે ના દેજો (દેશો)." કારણ એટલું જ કે ધંધુકા પથ્થરીયો પ્રદેશ હોવાથી ભૂતળનાં જળ મળી શકે નહીં. આજે જો કે એવી સ્થિતિ નથી. ધંધુકામાં પુરતું પાણી મળી રહે છે.

સને ૧૯૫૪ની વાત છે. દશરથ ત્યારે ૨૪ વર્ષનો હતો. દેશને આઝાદી મળી ચુકી હતી. દેશ પ્રજાસત્તાક પણ બની ગયો હતો. પરંતુ હજ્જારો ગામોમાં વીજળી, પાણી, રસ્તા, આરોગ્ય, શિક્ષણ વગેરે જેવી પ્રાથમિક સુવિધાઓ નહોતી. આજે પણ હજ્જારો ગામો એવાં છે જ. સને ૧૯૫૪માં જ એક દિવસ ફાલ્ગુનીદેવી પહાડી ચઢીને પાણી ભરીને ઘરે આવી રહી હતી. પહાડીના ઢોળાવ ઉપર જ કોઈક પથ્થરની ઠોકર વાગી અને ફાલ્ગુનીદેવી પડી ગઈ. તેને વાગ્યું અને બેહોશ થઈ ગઈ. તળેટીમાં વસેલા ગામથી ૧૭ કિલોમીટર દૂર જાઓ તો જ પ્રાથમિક સારવાર મળી શકે એમ હતી. પહાડીની ૫૦૦ ફીટની ઊંચાઈ ચઢીને બેહોશ ફાલ્ગુનીદેવીને લઈ જવી પડે અને ૫૦૦ ફીટની સરેરાશ ઊંચાઈ ઉતરવી પણ પડે.

દશરથ સહિત સૌ પરિવારજનોની નજર સામે ફાલ્ગુનીદેવી મૃત્યુ પામી અને દશરથ માથે હાથ દઈને પોક મૂકીને રડી પડ્યો. તેની જેમ ફાલ્ગુનીદેવી પણ ૨૪ વર્ષની જ હતી. તે પોતાની પત્નીને ખુબ પ્રેમ કરતો હતો. ચાહતનાં સપનાં સાકાર થાય એ પહેલા જ બધું ખતમ થઈ ગયું હતું. દશરથને પત્નીના અચાનક મોતથી આઘાત લાગ્યો હતો. દશરથ ફાલ્ગુનીદેવીને પ્રેમ કરતો હતો, કારણ કે તે પાગલ હતો. ડાહ્યો માણસ પ્રેમ કરી શકે?

તેણે મનોમન વિચાર્યું કે પોતાના ગામને જોડતો રસ્તો હોત તો પત્નીને સારવાર મળી શકી હોત અને તે બચી ગઈ હોત. બહારની દુનિયાથી ગેહલોર ગામ કટ-ઓફ હોવાથી પોતાની પત્નીનું મોત થયું હતું, એટલી વાતની દશરથને ખબર હતી. આથી દશરથે પહાડ ચીરીને ગામને બહારની દુનિયાથી જોડતો રસ્તો બનાવવાની મનોમન ગાંઠ વાળી લીધી. ગામના બીજા કોઈ લાચાર, બીમાર લોકોને રસ્તા અને સારવારના અભાવે જીવ ગુમાવવાનો વારો ન આવે એ માટે દશરથ માંઝી મક્કમ હતો.

દશરથના સાવ એકલપંડના સંઘર્ષની વાત અહીં લખવા જેટલી સાવ સરળ અને આસાન નહોતી. દશરથે પત્ની ફાલ્ગુનીદેવીના મૃત્યુના થોડા દિવસોમાં જ પોતાની પાસેની ત્રણ-ચાર બકરીઓ વેચી દીધી. જે કંઈ રકમ આવી તેમાંથી તેણે પાવડો, કોદાળી, છીણી, હથોડીની ખરીદી કરી. લગભગ ૫૦૦ ફીટની ઊંચાઈનો પહાડ એકલા હાથે કાપવાનું તેણે શરુ કર્યું. એક દિવસમાં, એક મહિનામાં કે એકાદ વર્ષમાં આ કામ પુરું થાય એવું નહોતું.

દશરથ તો રોજ સવાર પડે એટલે ઓજારો લઈને ઘરેથી નીકળી પડતો. પોતાની સાથે પીવાનું પાણી અને જાતે બનાવેલા રોટલા લઈ જતો. રોજ સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી દશરથ પહાડીના પથ્થરો તોડવાનું કામ કરતો. બપોર પડતા થોડું ખાઈ લેતો અને સાંજની વેળાએ પહાડી ઊતરીને થાક્યો પાક્યો ઘેર આવતો. આ તેનો નિત્ય ક્રમ બની ગયો હતો.

(અનુસંધાન પાના નં. ૬ પર)